અપીલ અરજી નં.૪૧૦ થી ૪૧૫ તા.૨૩–૨–૧૦

અરજદારઃ– શ્રી વિજય એન. શેણમારે
સામાવાળાઃ– શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિજય એન. શેણમારેની તા.૧૫–૧–૧૦ ની અરજીથી સેન્ટ્રલઝોનના લોકસેવા વિભાગના રોજીંદા બેલદાર નરેશ નાનજી દાફડાની આઈ ડી નં.૧૩૪૩ સને ૧૯૯૫ થી ૨૦૦૯ સુધી, દિનેશ બધાભાઈ ગીલાતરની આઈ ડી નં.૧૩૪૭ સને ૧૯૯૪ થી ૨૦૦૬ સુધી, જયેશભાઈ અર્જુનભાઈની આઈ ડી નં.૧૩૪૬ સને ૨૦૦૪ થી ૨૦૦૬ રોજીંદા બેલદાર માલજીભાઈ અમરાભાઈની આઈ ડી નં.૧૩૪૫ સને ૨૦૦૧ થી ૨૦૦૬ સુધી , રવિ બધાભાઈ ગીલાતરની આઈ . ડી નં. ૧૩૪૪ સને ૧૯૯૫ થી ૨૦૦૯ સુધી, હરીશભાઈ રાઘવભાઈની આઈ ડી નં.૧૪૫૮ તા.૩૦–૧–૧૦ ની અરજીથી સને ૧૯૯૮ થી ૨૦૦૭ સુધીના ગાળાની મહીના પ્રમાણે હાજરી અંગેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૩–૨–૧૦ ની અપીલ અરજી નં.૪૧૦ થી ૪૧૫/૨૦૦૯–૧૦

શ્રી વિજય એન. શેણમારેની તા.૧૫–૧–૧૦ ની અરજીથી સેન્ટ્રલઝોનના લોકસેવા વિભાગના રોજીંદા બેલદાર નરેશ નાનજી દાફડાની આઈ ડી નં.૧૩૪૩ સને ૧૯૯૫ થી ૨૦૦૯ સુધી, દિનેશ બધાભાઈ ગીલાતરની આઈ ડી નં.૧૩૪૭ સને ૧૯૯૪ થી ૨૦૦૬ સુધી, જયેશભાઈ અર્જુનભાઈની આઈ ડી નં.૧૩૪૬ સને ૨૦૦૪ થી ૨૦૦૬ રોજીંદા બેલદાર માલજીભાઈ અમરાભાઈની આઈ ડી નં.૧૩૪૫ સને ૨૦૦૧ થી ૨૦૦૬ સુધી , રવિ બધાભાઈ ગીલાતરની આઈ .ડી નં.૧૩૪૪ સને ૧૯૯૫ થી ૨૦૦૯ સુધી, હરીશભાઈ રાઘવભાઈની આઈ ડી નં.૧૪૫૮ તા.૩૦–૧–૧૦ ની અરજીથી સને ૧૯૯૮ થી ૨૦૦૭ સુધીના ગાળાની મહીના પ્રમાણે હાજરી અંગેની માહિતી આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૫૮૭ ,૧૫૯૧,૧૫૯૦,૧૫૮૯,૧૫૮૮ તા.૧૫–૨–૧૦ થી આપેલ માહિતીમાં ઉડાઉ જવાબ આપેલ છે અને કાયદા મુજબ કામદારોના હાજરીપત્રકો અને પગારપત્રકો નિભાવવાના હોય છે તેવું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૩–૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. અરજદારની અપીલ નં.૪૧૦ થી ૪૧૫ કુલ–૬ અપીલોના અરજદાર અને જાહેર માહિતી અધિકારી એક જ હોય તેમજ અપીલમાં વિષય વસ્તુ લોકસેવાના રોજીંદા કામદારોની હાજરી બાબત ને લગતી હોય તમામ અપીલોને એક સાથે સાંકળી સંયુકત રીતે હુકમમાં જોડાણ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા અનુક્રમે પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૯૬ થી ૧૪૦૧ તા.૪–૩–૧૦ ના રોજ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને ઉડાઉ જવાબના મુદ્દા અંગે તથા દફતરી સાચવણી અંગે કાનૂની જોગવાઈ અનુસારના કોઈ આધાર અરજદાર કક્ષાએ હોય તો રજૂ કરવા જણાવતો પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૯–૩–૧૦ ના પત્રથી સેન્ટ્રલઝોનના શહેર વિકાસ અધિકારી ધ્વારા આરટીઆઈ એકટ હેઠળ નારાજ થઈ સક્ષમ સત્તાને એટલેકે ડે.કમિશ્નર(જનરલ) અને એપેલેટ ઓફિસરને કલમ–૭(૧) હેઠળ અપીલ અરજીઓ કરીએ છીએ. તે અંગે આગળની કાર્યવાહી કરવામાં આવેલ નથી તેઓ અપીલ અધિકારી ન હોવા છતાં કોઈ અપીલ સાંભળવાની કે નિકાલ કરવાની કોઈ સત્તા ન હોવા છતાં અમારી અપીલ અરજીનો જવાબ આપેલ છે. એનો અર્થ એ થાય કે અપીલ અરજીઓ અપીલ અધિકારીને પહોંચાડવામાં આવતી નથી. સુરત મહાનગરપાલિકાના રોજીંદા કામદારો હાજરી રજા વિગેરે નિયમિત ભરીને તેની એક નકલ રોજીંદા કામદારને આપવા બાબતનો નામદાર અમદાવાદના ઔદ્યોગિકના ન્યાયપંચ સાહેબે રેફ.(આઈટી) નં.૮૫ ૧૯૮૩ ના કામમાં ચૂકાદો આપેલ છે. જે સુરત મહાનગરપાલિકા ભંગ કરી રહી છે. તેવી રજૂઆત કરેલ છે. જે બાબતે અરજદારને આરટીઆઈ સેલ/૧૪૫૨ તા.૧૨–૩–૧૦ થી પત્ર પાઠવી સદર પત્રમાં જણાવ્યા અનુસાર નામદાર અમદાવાદના ઔધોગિક ન્યાયપંચ સાહેબના રેફ. (આઈટી) નં.૮૫ ૧૯૮૩ ના એવોર્ડની નકલ અત્રેની કચેરીએ તાકીદે મોકલી આપવા જણાવતો પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૨૦–૩–૧૦ ના પત્રથી એવોર્ડની નકલ અત્રેના વિભાગને મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને આઈ ડી નં.૧૩૪૩ મુળ અરજીની નકલ તથા તેને પાઠવેલ પ્રત્યુત્તર સે.ઝોન/આરટીઆઈ/જાવક નં.૧૫૮૭ તા.૧૫ –૨–૧૦ ના પત્રની નકલ, આઈ ડી નં.૧૩૪૭ મુળ અરજીની નકલ તથા તેને પાઠવેલ પ્રત્યુત્તર સે.ઝોન/આરટીઆઈ/૧૫૯૧ તા.૧૫–૨–૧૦ ના પત્રની નકલ, આઈ ડી ન.૧૩૪૬ મુળ અરજીની નકલ તથા તેને પાઠવેલ પ્રત્યુત્તર સે.ઝોન/આરટીઆઈ/૧૫૯૦ તા.૧૫–૨–૧૦ ના પત્રની નકલ, આઈ ડી ન.૧૩૪૫ મુળ અરજીની નકલ તથા તેને પાઠવેલ પ્રત્યુત્તર સે.ઝોન/આરટીઆઈ/૧૫૮૯ તા.૧૫–૨–૧૦ ના પત્રની નકલ, આઈ ડી ન.૧૩૪૪ મુળ અરજીની નકલ તથા તેને પાઠવેલ પ્રત્યુત્તર સે.ઝોન/આરટીઆઈ/૧૫૮૮ તા.૧૫–૨–૧૦ ના પત્રની નકલની નકલ તથા રેકર્ડના નિયમોની બુક રજૂ કરેલ છે. અરજદારે આઈ ડી નં.૪૫૮ ની મુળ અરજીની નકલ તથા પાઠવેલ પ્રત્યુત્તરની કોઈ વિગતો રજૂ કરેલ નથી. તેમજ પાઠવેલ પત્ર બાબતે રેકર્ડ સાચવણીની જોગવાઈ પણ તેમના પ્રત્યુત્તરના સમર્થનમાં માંગવામાં આવેલ પરંતુ અપીલ તબકકે તે રજૂ કરવામાં આવેલ નથી.

અરજદારની તા.૧૫–૧–૧૦ થી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ વિગતે આઈ ડી નં.૧૩૪૩ સેન્ટ્રલઝોનના લોકસેવા વિભાગના રોજીંદા બેલદાર નરેશ નાનજી દાફડાની સને ૧૯૯૫ થી ૨૦૦૯ સુધીના ગાળાની મહીના પ્રમાણેની હાજરી અંગે માહિતી માંગવામાં આવેલ તે પૈકી સને ૨૦૦૭ થી ૨૦૦૯ સુધીની માહિતી સેન્ટ્રલઝોન/આરટીઆઈ/જાવક નં.૧૫૮૭ તા.૧૫–૨ –૧૦ થી આપેલ છે. જે અંગે અરજદારે કરેલ અપીલ નં.૪૧૦ છે. આઈ ડી નં.૧૩૪૭ થી દિનેશભાઈ બધાભાઈ ગીલાતરની સને ૧૯૯૪ થી ૨૦૦૬ સુધીના ગાળાની મહીના પ્રમાણેની હાજરી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી " સુરત મહાનગરપાલિકાના નીતિ નિયમોનુસાર રોજીંદા કામદારોના હાજરી પત્રકો જે તે નાણાકીય વર્ષ પૂરતા જ નિભાવણી કરવાના હોય છે. તેથી સદર સમયગાળાની માહિતી દફતરે ઉપલબ્ધ ન હોય આપી શકાય તેમ નથી. " તેવી માહિતી સેન્ટ્રલઝોન/આરટીઆઈ/જાવક નં.૧૫૯૧ તા.૧૫–૨–૧૦ થી આપવામાં આવેલ છે. જે બાબતે અરજદારે કરેલ અપીલ નં.૪૧૧ છે. આઈ ડી નં.૧૩૪૬ થી રોજીંદા બેલદાર માલજીભાઈ અમરાભાઈની સને ૨૦૦૪ થી ૨૦૦૬ સુધીના ગાળાની મહીના પ્રમાણે હાજરી અંગેની માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોન/આરટીઆઈ/જાવક નં.૧૫૯૦ થી તા.૧૫–૨–૧૦ ના રોજ સદર જવાબ આપેલ છે. જે અંગે અરજદારે કરેલ અપીલ નં.૪૧૨ છે. આઈ ડી નં.૧૩૪૫ રોજીંદા બેલદાર જયેશ અર્જુનભાઈની સને ૨૦૦૧ થી ૨૦૦૬ સુધી ગાળાનામહીના પ્રમાણે હાજરી અંગેની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોન/આરટીઆઈ/જાવક નં.૧૫૮૯ તા.૧૫–૨–૧૦ થી સદર જવાબ આપેલ છે જે અંગે અરજદારનો અપીલ નં.૪૧૩ છે. આઈ ડી નં. ૧૩૪૪ થી રોજીંદા બેલદાર રવિ બધા ગીલાતરની સને ૧૯૯૫ થી ૨૦૦૯ સુધીના ગાળાની મહીના પ્રમાણેની હાજરી બાબતેની જાહેર માહિતી અધિકારી તરફથી છેલ્લા ૩ વર્ષ સને ૨૦૦૭–૦૮–૦૯ ની માહિતી અરજદારને સેન્ટ્રલઝોન/આરટીઆઈ/જાવક નં.૧૫૮૮ તા.૧૫–૨–૧૦ થી પૂરી પાડવામાં આવેલ છે. જે અંગે અરજદારેકરેલ અપીલ નં.૪૧૪ છે. અરજદારની તા.૩૦–૧–૧૦ ની આઈ ડી ન. ૧૪૫૮ થી કરેલ અરજી બાબતે રોજીંદા બેલદાર હરીશભાઈ રાઘવભાઈ ગોહીલની સને ૧૯૯૮ થી ૨૦૦૭ સુધીના ગાળાની મહીના પ્રમાણે હાજરીની માહિતી

માંગવામાં આવેલ.જે માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અપાયેલ જણાતી નથી. જે બાબતે અરજદારે અપીલ નં.૪૧૦ થી ૪૧૫ તા.૨૩–૨–૧૦ થી અપીલમાં ઉડાઉ જવાબ આપેલ છે કાયદા મુજબ કામદારોના હાજરી પત્રકો અને પગાર પત્રકો નિભાવવાના હોય છે પરંતુ તે અંગે આધાર પુરાવા રજૂ કરવામાં સફળ રહેલ નથી. તા.૩૦–૧–૧૦ ની અરજી બાબતે જે અંગેની માહિતી બંને પક્ષકારો પૈકી કોઈ પણ પક્ષકારે માહિતીની નકલ રજૂ કરેલ નથી પરંતુ આરટીઆઈ એકટની કાયદાની કલમ–૭(૧) તથા નિયમ–૪(૧) થી ઠરાવેલ નિકાલ સમયઅવધિ પૂર્ણ થયા પહેલા અપીલ અરજી કરેલ છે. તેમ છતાં જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ વિગતો અત્રેના વિભાગને મળેલ નથી. અરજદારે તા.૩૦–૧–૧૦ ની અરજી સામે અપીલ અરજી સમય અવધિ પહેલા કરેલ હોય આરટીઆઈ કાયદાની કલમ–૭(૧) ની જોગવાઈ સાથે સુસંગત નથી તેથી હાલમાં અપીલનું કોઈ કારણ ઉત્પન થતું નથી તેમજ પ્રથમદર્શીય રીતે ગ્રાહય રાખવાને પાત્ર ઠરતી નથી.

અરજદારની અપીલ નં.૪૧૦ થી ૪૧૫ રોજીંદા કામદાર/બેલદારની જુદા જુદા સમયગાળા દરમ્યાન અરજીમાં નિર્દિષ્ટ મજુકર કામદારની મહીના પ્રમાણેની હાજરી બાબતે અપીલ કરવામાં આવેલ છે. જે જાહેર માહિતી અધિકારી તરફથી સુરત મહાનગરપાલિકાના નિતી નિયમોનુસાર રોજીંદા કામદારોના હાજરી પત્રકો જે તે નાણાકીય વર્ષ પૂરતા ન નિભાવણી કરવાના હોય છે તેવું જણાવેલ છે. પરંતુ સુરત મ્યુ. કોર્પોરેશનના રેકર્ડ રુલ્સ અનુસાર સદર માહિતી ડી કેટેગરીના સીરીયલ નંબર ૫૬ એમએસી ફોર્મ ૧૦૦ માં રોજીંદા કામદારોના મસ્ટર રોલ ૫ વર્ષ સુધી નિભાવવાની કેટેગરીમાં આવા રજીસ્ટરો આવે છે. જે મુજબ અરજદારને છેલ્લા ૫ વર્ષની માહિતી પુરી પાડવાની રહે. અપીલ નં.૪૧૦ અને ૪૧૪ ની મુળ અરજીમાં ૨૦૦૯ ના ગાળાની મજુકર કામદારની માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી તેવી માહિતી પૂરી પડાયેલ જણાતી નથી. અપીલ નં.૪૧૪ માં છેલ્લા ૩ વર્ષની ૨૦૦૭ થી ૨૦૦૯ ની મજકુર કર્મચારીની ઉપલબ્ધ માહિતી પણ જાહેર માહિતી અધિકારીએ આપેલ છે. જયારે અપીલ નં.૪૧૦માં વર્ષ ૨૦૦૯ ની મજકુર કર્મચારીની માહિતી આપેલ છે. તે સિવાયમાં સુરત મહાનગરપાલિકાના નિતિ નિયમોની જોગવાઈ જણાવેલ છે.અપીલ નં.૪૧૩ માં મુળ અરજી આઈ ડી નં.૧૩૪૫ માં ૨૦૦૧ થી ૨૦૦૬ સુધીના ગાળાની માહિતી માંગેલ છે જે બાબતે જાહેર માહિતી અધિકારીએ તેમના પ્રત્યુત્તરમાં સને ૧૯૯૪ થી ૨૦૦૬ સુધીના સમયગાળાની માહિતીનો ઉલ્લેખ કરેલ છે. જયારે તા.૩૦–૧–૧૦ ની અરજી સામે અપીલ અરજી નં.૪૧૫ માહિતી આપ્યા બાબતે કોઈ પક્ષકારોએ માહિતી સબંધે વિગત રજૂ કરેલ નથી અને સમય અવધિ પહેલા અરજી કરેલ છે. વધુમાં અરજદારને માહિતી મળ્યા અંગેની રજૂઆત સિવાય અરજદાર તરફથી અપીલ તબકકે આરટીઆઈ સેલ/૧૩૯૬ તા.૪–૩–૧૦ દફતરી સાચવણી અંગે કાનૂની જોગવાઈ અનુસારના આધાર રજૂ કરવા તથા અરજદારે નામદાર અમદાવાદના ઔધોગિક ન્યાયપંચ સાહેબ રેફ.(આઈટી) નં.૮૫/ ૧૯૮૩ ના એવોર્ડની નકલ રજૂ કરવા જણાવવામાં આવેલ છે. જેના અનુસંધાને અરજદારે તા.૨૦–૩–૧૦ ના રોજ સદર નકલ રજૂ કરેલ છે. જેમાં નહીં નફો નહીં નુકશાનના ધોરણે ડેઈલી વેજીઝ કામદારોને પ્રીન્ટેડ સર્વીસબુક આપવી અને તેમાં તેની નોંધ કરવાનું જણાવવામાં આવેલ છે.

અપીલ બાબતે તા.૩૦–૩–૧૦ ના રોજ બપોરે ૪.૦૦ કલાકે સુનાવણી રાખવામાં આવેલ પરંતુ અનિવાર્ય સંજોગોના કારણે જે મુલત્વી રાખી તા.૩–૪–૧૦ ના રોજ પુનઃ રાખવા જણાવવામાં આવેલ. પરંતુ અરજદારની ટેલીફોનીક વિનંતી અનુસાર તેઓ તા.૩–૪–૧૦ થી બહારગામ જનાર હોઈ અપીલ અધિકારીની સુચના મુજબ ટેલીફોનીક જાણ અરજદાર તથા જાહેર માહિતી અધિકારીને કરીને તા.૧–૪–૧૦ ના રોજ સુનાવણી રાખવામાં આવેલ. જેમાં અરજદાર હાજર રહી સેન્ટ્રલઝોનમાં કામ કરતાં કામદારોના માસ વાઈઝ હાજરીની માહિતી માંગવામાં આવેલ. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ નાણાંકીય વર્ષ પૂરતો રેકર્ડ સાચવવાનો રહે તેમ જણાવી ઈન્કાર કરેલ છે. મજુર કાયદાની આદેશાત્મક જોગવાઈઓનું પાલન થતું નથી જે અંગે ઈન્ડ. એવોર્ડની નકલ રજૂ કરેલ છે. જે મુજબ દફતર મળવું જોઈએ તેવી રજૂઆત કરેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી પર્સોનલ ઓફિસર સેન્ટ્રલઝોન હાજર રહેલ. તેઓ તરફથી ૨૦૦૨ થી ૨૦૦૪ નો રેકર્ડ ઉપલબ્ધ નથી તેમજ ટ્રીબ્યુનલ એવોર્ડના અમલીકરણના ઠરાવ બાબત જાણમાં નથી તેવું જણાવેલ છે.

જાહેર માહિતી અધિકારી કક્ષાએ માહિતીના ઈન્કાર માટે ફરીયાદની હકીકતમાં નિર્દિષ્ટ વિગત સિવાય કાયદાની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૫–૧–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નહી પૂરી પડાયેલી માહિતી મહાનગરપાલિકા અમલી રેકર્ડ વર્ગીકરણ રુલ્સની વિગતે 'ડી' કેટેગરીમાં સમાવિષ્ટ સમયગાળા માટે દફતરી ઉપલબ્ધ હકીકત આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા તથા તે સિવાયના સમયગાળાની માહિતીના દફતરી નિકાલ કે નાશ કર્યા બાબતની હકીકતલક્ષી વિગત પણ અરજદારને પૂરી પાડવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને જણાવવામાં આવે છે. તા.૩૦–૧–૧૦ ની અરજી આરટીઆઈ કાયદાની કલમ–૭(૧) સાથે કલમ–૧૯ (૧)ની જોગવાઈ ધ્યાને લઈ અપીલનું કારણ ઉત્પન થયે અરજદાર અપીલ અરજી કરવા સ્વતંત્ર છે. હાલમાં તે અપીલ પૂરતી સદર અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ,..જાણ તથા અમલ માટે
(૨) શ્રી વિજય એન. શેણમારે,